જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૧૦/૨૦૨૩   સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૬૯૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૩૦૪ લીટર દેશી દારૂ, ૫૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૬૯૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-   સમાચાર યાદી નં.૧૬૯૯/૨૦૨૩

**ઓઢવઃ** ગીતાબહેન વા/ઓ હરીપ્રસાદ અગ્રવાલ (ઉ.વ.૬૫) (રહે. તેજેન્દ્રવિહાર સોસાયટી વિભાગ-૧ સદાશિવ સોસાયટી સામે નિકોલ) તા.૧૨/૧૦/૨૦૨૩ સવારના ૬/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર રોડ તેજેન્દ્રવિહાર સોસાયટીના ગેટ પાસે ભગવતી જનરલ સ્ટૉર અને ફૂટવેર દુકાન સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ ગીતાબહેન અગ્રવાલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. અંગેની ફરીયાદ ગીતાબહેન અગ્રવાલ એ તા.૧૫/૧૦/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૦/૨૦૨૩**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** વૈભવી ડો/ઓ સંજયભાઈ કુડપાને (ઉ.વ.૨૧) (રહે.સહજાનંદ સોસાયટી બરોડા એક્સપ્રેસ હાઈવે પાસે સી.ટી.એમ. રામોલ) તા.૧૫/૧૦/૨૦૨૩ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે ઘોડાસર ચાર રસ્તાથી કેડીલા બીજ ચઢતા એવલોન એપાર્ટમેન્ટ સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી વૈભવીને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર વૈભવી કુડપાનેના ભાઈ પાર્થ કુડપાને એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

**સાતમા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૧/૨૦૨૩**

**નિકોલઃ** મદરોજ સ/ઓ રસુલઅહમદ અન્સારી (ઉ.વ.૨૫) (રહે. બારા સાચે કી ચાલી ચાર તોલ કબ્રસ્તાન સરસપુર ગોમતીપુર) તા.૧૪/૧૦/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે બ્રાઉન સ્ટોન સોસાયટી એમ.જી.રોડ ખાતે બ્લોક નંબર "બી" સાતમા માળના ધાબા ઉપર સોલાર પેનલનું ફેબ્રિકેશનનું કામ કરતા હતા ત્યારે ધાબાની પાળી ઉપરથી પગ લપસી જતા નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગમલભાઇ સુકાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૨/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** રમેશભાઇ હિરાભાઇ પટેલ (ઉ.વ.૬૧) (રહે.કૃષ્ણનગર મમતા પાર્ક-૩ પાસે કાપોદરા સુરત) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા હરિહરાનંદ આશ્રમ એલિસબ્રિજ પાસે રિવરફ્રન્ટના ઘાટ નંબર-૮ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી